**અમદાવાદ(રૂરલ)ના મહે. ૫મા એડી.જયુડી.મેજી.ફ.ક સાહેબશ્રીની કોર્ટમાં,મુ.અમદાવાદ**

**ક્રિમીનલ કેસ નં.૭૨૩૯/૨૦૧૯**

**આંક:-**

## -: ચુકાદો :-

આ કામે આરોપી સામે ધી પ્રોહી કલમ-૬૬ (૧) બી,૬૫ એ (ઈ),૧૧૬(બી),૮૧ મુજબના ગુન્હા અંગે સંબંધીત પો.સ્ટે દ્રારા કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે. આ કામે આરોપીની પ્રોહી કલમ- ૬૬ (૧) બી,૬૫ એ (ઈ),૧૧૬(બી),૮૧ મુજબની ચાર્જ ફ્રેમ કરી પ્લી નોંધવામાં આવેલ છે. જેમા તેઓએ ગુન્હાનો સ્વીકાર કરતુ નીવેદન આપેલ. વધુમાં આરોપીએ અલગથી કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હાની કબુલાત કરેલ છે. જે રેકર્ડ કરી સદર આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીની ગુન્હાની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી અને તેણે દયાની માંગણી કરેલ છે. તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું તે જણાવે છે. હવેથી આવો ગુન્હો નહીં કરવાની તે ખાત્રી આપી પોતાની ભુલ સુધારતા માંગતા હોવાનું જણાવે છે. તથા આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાનું જણાવે છે. આરોપીની કબુલાત પુરસીસ તેની મૌખિક દલીલો ધ્યાને લેતાં તથા ફરીયાદના ગુન્હાની જોગવાઈ ધ્યાને લેતાં તેમજ આજ રોજ નેશનલ લોક અદાલતમા સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ હોય તે ધ્યાને લેતાં સદર કેસમાં આરોપીને ઓછામાં ઓછો દંડ કરવો મને ન્યાયી અને ઉચિત જણાતુ હોય નીચે મુજબનો છેવટનો હુકમ ફરમાવુ છું.

## -: હુકમ :-

આરોપી ગજેન્દ્રસિંહ પોપટસિંહ રાઠોડ ને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૪૧ મુજબ પ્રોહી.કલમ-૬૬ (૧) બી,૬૫ એ (ઈ),૧૧૬(બી),૮૧ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૩૦૦/-(અંકે રૂપિયા ત્રણસો પૂરા)નો દંડની સજા ફરમાવવામાં આવે છે, જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન-૧ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે .

આજ તારીખ-૧૧-મી, માહે-ફેબ્રુઆરી, સને-૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૨/૨૦૨૩
સ્થળ : અમદાવાદ(ગ્રામ્ય)

(નરેન્દ્રકુમાર)
૫મા એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક,અમદાવાદ
(ગ્રામ્ય),મીરઝાપુર
**CODE NO.GJ01440**